# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– આત્મા અનંત શક્તિઓનો પિંડ છે, પણ હજુ જ્ઞાનગુણ ખ્યાલમાં આવતો નથી, તો આ પરિસ્થિતિમાં કામ કેમ થશે ?

સમાધાન :– આત્મામાં અનંત શક્તિ છે. જ્ઞાનગુણ લક્ષમાં નથી આવતો કારણ કે પોતે યથાર્થ રીતે જોતો નથી. પોતે પોતાને ગ્રહણ કરી શકે તેમ છે. પોતાને ગ્રહણ કરવાની અનંતી શક્તિ તેનામાં છે, પણ પોતાને ગ્રહણ નહિ થવાનું કારણ, દૃષ્ટિ અને ઉપયોગ પર તરફ છે. જો પોતે પોતાને ગ્રહણ કરે, પોતે પોતામાં પરિણમે તો પોતે પોતારૂપ થઈ જાય. પહેલાં તે અંશે થાય, પછી પૂર્ણ થાય. એવું અનંતુ બળ તેનામાં છે. આત્મામાં અનંતા ગુણો છે તે એક ચૈતન્યને જ્યાં ગ્રહણ કર્યો ત્યાં, બધા સ્વભાવરૂપે પરિણમવા લાગે છે, દરેક ગુણ પોતા તરફ પરિણમે છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૪૭)**

પ્રશ્ન :– શું તેને ભરોસો એમ આવે કે આ મારી ચીજના આધારે મને કાયમ શાંતિ-સંતોષ-નિરાંત અનુભવાશે ! ત્યાંથી કોઈવાર પાછું નહિ ફરવું પડે એવી પ્રતીતિ શું આવી શકે ?

સમાધાન :– હા, એવી પ્રતીતિ આવવી જોઈએ કે આ જ્ઞાયક જ સત્યાર્થરૂપ છે, કલ્યાણરૂપ છે અને અનુભવવા યોગ્ય છે, તેમાંથી જ તૃપ્તિ અને આનંદ આવશે. સમયસારમાં આવે છે ને કે :–

'આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને !
આનાથી બન તું તૃપ્ત તુજને સુખ અહો ઉત્તમ થશે.'

જેમાંથી તૃપ્તિ થશે, જેમાંથી બહાર આવવાનું મન નહિ થાય એવા તૃપ્તસ્વરૂપ, સંતોષસ્વરૂપ આત્માને ગ્રહણ કર.

તું ગોતે છે બધું બહાર, પણ અંદરમાંથી બધું પ્રગટ થશે. તારે આનંદ કે જ્ઞાન માટે બહાર ફાંફાં નહિ મારવા પડે, અંતરદૃષ્ટિ થતાં જ્ઞાન-આનંદ તેની મેળાએ સ્વયં પરિણમશે. જેમાં કોઈ થાક નથી, કષ્ટ નથી, એવો આત્મા પ્રગટરૂપે સહજ પરિણમશે. પણ શરૂઆતની ભૂમિકામાં પલટો ખાવામાં મુશ્કેલી પડે છે અને કઠણ લાગે છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૪૮)**



પ્રશ્ન :– પહેલાં પરને આધારે મારું જીવન છે એમ ભાસતું હતું. સ્વભાવ સમજ્યા પછી મારું જીવન મારે આધારે છે એમ લાગે ખરું ?

સમાધાન :– કોઈના આધારે હું નથી. હું પરથી ટકું છું કે પરથી મારું જીવન છે એમ નથી; પરંતુ સ્વયં મારા અસ્તિત્વથી હું ટકેલો છું, હું સ્વયં જ્ઞાયક એક પદાર્થ છું. કોઈ અન્ય પદાર્થથી (સાધનોથી) ટકું એવું મારું તત્ત્વ નથી. મારે કોઈ પરપદાર્થના આશ્રયની જરૂર નથી. આવું સ્વરૂપ હોવા છતાં પોતે એકત્વબુદ્ધિ કરીને અટકી ગયો છે.

સ્વતઃસિદ્ધ સ્વભાવ તેને કહેવાય કે જેને પરના આશ્રયની જરૂર પડે નહિ. જે સ્વતઃસિદ્ધ સ્વભાવ હોય તે સ્વયં પરિણમે અને તે સ્વભાવ અમર્યાદિત હોય છે. તેથી જ્ઞાન–આનંદ આદિ અનંતા ગુણોનો જે સ્વભાવ છે તેને મર્યાદા નથી, અનંત જ છે. આવા સ્વભાવની મહિમા આવે તો તે પોતા તરફ જાય છે.

બહારથી ને વિભાવની પરિણતિથી-વિકલ્પની ઘટમાળથી-તેને થાક લાગે તો પોતાના ચૈતન્યનો આશ્રય ગ્રહણ કરે. જો તે બહારથી થાકતો નથી તો પોતાનો આશ્રય લેવો કઠણ પડે છે. તેને થાક લાગે કે આ વિભાવ પરિણતિ તો કૃત્રિમ છે, સહજ નથી, તેમ જ કષ્ટરૂપ છે, દુઃખરૂપ છે તો પોતાના સહજ સ્વભાવનો આશ્રય ગ્રહણ કરવાની અંદરથી જિજ્ઞાસા-ભાવના થયા વગર રહેતી નથી. **(સ્વાનુભૂતિદર્શન-૩૪૯)**

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૧૯ ઉપર)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૩૮ : અંક-૧૯૩ વર્ષ - ૧૭ : ઓક્ટોબર-૨૦૧૩

## આસો સુદ ૧૫, સોમવાર તા.૧૬-૧૦-૧૯૭૮. બહેનશ્રીનાં વચનામૃત-૩૨૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન-૧૨૧

**જેમ એક રત્નનો પર્વત હોય અને એક રત્નનો કણિયો હોય ત્યાં કણિયો તો વાનગીરૂપ છે, પર્વતનો પ્રકાશ અને તેની કિંમત ઘણી વધારે હોય; તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે. એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાનમાં અને અલ્પ સામર્થ્યવાળા શ્રુતજ્ઞાનમાં-ભલે તે અંતર્મુહૂર્તમાં બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય તોપણ-ઘણો મોટો તફાવત છે. જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું, જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ-એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો ફેર છે. ૩૨૪.**



૩૨૪. **'જેમ એક રત્નનો પર્વત હોય (દૃષ્ટાંત) અને એક રત્નનો કણિયો હોય ત્યાં કણિયો તો વાનગીરૂપ છે, પર્વતનો પ્રકાશ અને તેની કિંમત ઘણી વધારે હોય;...'** કણિયા કરતાં પર્વતનો પ્રકાશ અને તેની કિંમત ઘણી વધારે હોય. **'તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે.'** આહા..હા..! કેવળજ્ઞાન એક સમયમાં પરિપૂર્ણ જ્ઞાનની પર્યાયપણે પરિણમે, એ તો મોટો પર્વત છે. આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં કેવળજ્ઞાનની પર્યાય પરિપૂર્ણ ત્રણ કાળ, ત્રણ લોકને દેખે. આહા..! **'તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે. એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને...'** સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, લોકનો અંત નહિ એને પણ, સર્વ કાળ આદિ નહિ, અંત નહિ એને પણ, આહા..હા..! સર્વ ભાવ-અનંત ગુણો ને અનંતી પર્યાય. આહા..હા..! એને **'સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાનમાં અને અલ્પ સામર્થ્યવાળા...'** શ્રુતજ્ઞાન ભલે કહે છે કે, અંતર્મુહૂર્તમાં બધું જ્ઞાન ફેરવી જાય. એવી તાકાત હોય છે. આહા..હા..! એ તાકાત કેટલી ! શું કહ્યું જોયું ?

**'અલ્પ સામર્થ્યવાળા શ્રુતજ્ઞાનમાં-ભલે તે અંતર્મુહૂર્તમાં બધુંય શ્રુત ફેરવી જનાર...'** આહા..હા..! અંતર્મુહૂર્ત ૪૮ મિનિટની અંદર, આહા..હા..! બાર અંગ શ્રુતકેવળી (ફેરવી જાય). ભગવાન એક સમયમાં ત્રણકાળ, દ્રવ્ય-

ક્ષેત્ર-કાળ-ભાવ જાણે અને આ અંતર્મુહૂર્તમાં બાર અંગ નામ સર્વ શ્રુતને ફેરવી જાણે. આહા..હા..! અહીં તો અંતર્મુહૂર્તમાં પચ્ચી, પચાસ ગાથા, સો, બસ્સો, પાંચસો ગાથા (ફેરવી જાય). આહા..હા..! પણ એ જ્ઞાનનો વિકાસ બાર અંગનો પણ હોય અને અંતર્મુહૂર્તમાં તે અંદરમાં ફેરવી જાય આહા..હા..! અજબ વાત છે, ભાઈ ! સાધારણને વાત (બેસે નહિ). ઇ તાકાત છે. આહા..હા..!

'**બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય...**' દ્રવ્ય શ્રુતકેવળી, ભાવ શ્રુત તો કહ્યું હમણાં અહીં. જે કોઈ આ ભાવશ્રુતથી, ચૈતન્યના ભાવશ્રુતના પ્રકાશના ભાવથી, જે ત્રિકાળી પ્રકાશ્યો પ્રભુ, એને જે જાણે એ નિશ્ચયથી શ્રુતકેવળી છે. એટલે જેમ કેવળ આત્માને ભગવાને જાણ્યો એમ આ શ્રુતકેવળીએ કેવળ આત્મા (જાણે છે). આહા..હા..! અરે પ્રભુ ! એ કેવડો આત્મા ! જેના અનંતા અનંતા ગુણો અને જેની અનંતી પર્યાય, જે ગુણ ને પર્યાયનો છેડો નહિ કે આ છેલ્લો ગુણ ને આ છેલ્લી પર્યાય. આહા..હા..! એવા ગુણ ને પર્યાયને અંતર્મુહૂર્તમાં દ્રવ્ય શ્રુતકેવળી ફેરવી જાય. આહા..હા..! એ પણ આશ્ચર્યકારી વાત લાગે છે. આહા..! કેવળજ્ઞાની એક સમય... બાપુ ! એનો સ્વભાવ છે. આહા..હા..! એ સ્વભાવ પરિપૂર્ણ જ્યાં પ્રગટ્યો, એ તો ત્રણ કાળના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પૂર્ણ જાણે અને શ્રુતકેવળી અંતર્મુહૂર્તમાં એ દ્રવ્યશ્રુતના જેટલા પ્રકાર છે... આહા..હા..! એને એકદમ ફેરવી જાય. છતાં તે કેવળજ્ઞાનની પાસે તો કણિયો છે. આહા..હા..!

'**બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય તોપણ-ઘણો મોટો તફાવત છે.**' આહા..હા..! એ આવે છે ને ? 'સ્વામી કાર્તિકેયનુપ્રેક્ષા'માં. સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાનની પર્યાયને, પોતાની પર્યાય પ્રગટી, હોં ! દ્રવ્યશ્રુત તો એક કોર (રહ્યું), એને પામર માને છે. 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'. આહા..હા..! ક્યાં મારી જ્ઞાનપર્યાય ને ક્યાં પરમાત્મા કેવળજ્ઞાનની પર્યાય ! ઓહો..હો..! મોટો ડુંગર જેટલો પ્રકાશ ને આ એક કણિયાનો પ્રકાશ. આહા..હા..! વસ્તુ તરીકે પ્રભુતા ને પરમેશ્વરપણું માન્યા છતાં ધર્મી, પર્યાયને પામર તરીકે માને છે. આહા..હા..!

જેનો એકલો જ્ઞાનસ્વભાવ જ છે પ્રભુનો, એ જ્ઞાન ચૈતન્ય સ્વભાવ એનું જાણવું-દેખવું એવો ત્રિકાળી સ્વભાવ છે. એને જેણે પોતાને ને પરને... એમાં કહ્યું નથી ? કે, જો ત્રણ કાળ ને પરને ન જાણે તો પોતે એક જ દ્રવ્ય ત્રિકાળી છે એનેય ન જાણે. આહા..હા..! શું કહે છે ? ૪૮-૪૯. ભગવાન આત્મા એક સ્વ છે, અનાદિઅનંત છે એ એકને જાણે તો એમાં ત્રણકાળ આવી ગયા. આહા..હા..! આમ અનાદિઅનંત છે એણે આત્માને જાણ્યો ને ? તો આત્મા ત્રિકાળી છે એનું જ્ઞાન થયું ને ? ત્રિકાળનું થયું કે નહિ ? કે વર્તમાન છે એનું થયું ? આહા..હા..! આવી તાકાત છે. મૂળ વસ્તુની આખી શક્તિ અને એની દશા ને એનું પ્રમાણ ને એ કોઈ અલૌકિક વાતું છે ! આહા..હા..!

એ અહીં કહે છે '**શ્રુતજ્ઞાન હોય તોપણ ઘણો મોટો તફાવત છે.**' આહા..હા..! ભલે ભાવશ્રુતથી આત્માને જાણ્યો એ અપેક્ષાએ તો આત્માને કેવળીએ જાણ્યો ને આ જાણ્યો એ અપેક્ષાએ તો એ કેવળી છે, અમે શ્રુતકેવળી છીએ. આહા..હા..! પણ ભાવશ્રુતનું જે જ્ઞાન અપાર, એનું જે જ્ઞાન છે એ પણ દ્રવ્યશ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવી જાય તોપણ એ કેવળજ્ઞાનની પર્યાય આગળ, કેવળના પ્રકાશના પુંજના પર્વત આગળ એ શ્રુતજ્ઞાન એક કણિયો છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

પોતાનો સ્વ આત્મા છે... એ તો કહ્યું ૩૩માં, 'પ્રવચનસાર' ભગવાને આત્માને અક્રમે એકસાથે જાણ્યો. અમે ક્રમે ક્રમે પણ એકસાથે જાણ્યો, આખો. એવો જે ભગવાન આત્મા એકલો જ્ઞાનનો ડુંગર, જ્ઞાન પર્વત જે હલ્યો હલે નહિ પર્યાયમાં એવો ધ્રુવ. આહા..હા..! એને અમે જાણ્યો, પંચમ આરાના આ તો હજી હજાર વર્ષ પહેલાં થયા 'અમૃતચંદ્રાચાર્ય' એ એમ કહે છે, અમે શ્રુતકેવળી છીએ. આહા..હા..! આ અપેક્ષાએ. આત્માનું જેવું સ્વરૂપ છે પૂર્ણ, કેવળજ્ઞાન તો એક ગુણની એક પર્યાય, એવા અનંતી પર્યાયનો પિંડ જ્ઞાન ને એવા અનંતા ગુણો, અનંતી પર્યાયનો પિંડ એવો જે આત્મા પ્રભુ, એને અમે જાણ્યો તો અમે પણ શ્રુતકેવળી છીએ. હવે એ વખતે તો એક અંગનુંય જ્ઞાન નહોતું–દ્રવ્યશ્રુત.

આહા..હા..!

'કુંદકુંદાચાર્ય'ને પણ આચારાંગના એક અંગના અમુક ભાગનું જ્ઞાન હતું. આહા..હા..! છતાં એના હજાર વર્ષ પછી 'અમૃતચંદ્રાચાર્ય' પણ,.. આહા..હા..! જેની ટીકા તો ગજબ છે ! આહા..હા..! જેના જ્ઞાનની ક્ષયોપશમની શક્તિનો વિકાસ,.. આહા..હા..! ઇ એમ કહે, અમે પ્રભુ આત્મા સ્વરૂપ જે ચૈતન્ય દ્રવ્ય, એને અમે જ્ઞાનની પર્યાયથી જાણ્યો અને ભગવાને કેવળજ્ઞાનથી જાણ્યો, એ અપેક્ષાએ તો અમે શ્રુતકેવળી છીએ કહે છે. ઇ કેવળી છે. આહા..હા..! દ્રવ્યશ્રુત તો એક અંગનો અમુક ભાગ હતો. સમજાણું કાંઈ ? આહા..હા..!

આ સ્વરૂપે અંદર,.. આહા..હા..! અહીં તો દ્રવ્યશ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવી જાય, આહા..હા..! ભાવશ્રુતથી આત્મા જાણ્યો હોય અને દ્રવ્યશ્રુત પૂર્ણ જાણ્યું હોય, એને અંતર્મુહૂર્તમાં ફેરવે. ગજબ વાતું પ્રભુ ! આહા..હા..! અહીં તો કલાકમાં હજાર, બે હજાર, પંદર સો શ્લોક ફેરવાય. સ્વાધ્યાય કરતાં ન્યાં સંપ્રદાયમાં. પાંચ, છ હજાર શ્લોક કંઠસ્થ હતા. રાતે કલાક, દોઢ બે કલાક સ્વાધ્યાય થાય. પંદર સો, હજાર પંદર સો શ્લોક ફેરવાય. હવે અહીં કહે છે કે, અંતર્મુહૂર્તમાં બાર શ્રુત ફેરવે. ગજબ વાત છે. તોપણ એ માને છે કે, મારી પર્યાય કેવળજ્ઞાનની અપેક્ષાએ કણિયો છે. આહા..હા..!

**'જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું,...'** આહા..હા..! હવે એ હમણાં ત્રણ દિ' પહેલાં છાપામાં ચર્ચા આવી છે. કેટલાક મુમુક્ષુ એમ કહે છે કે, આત્મા જાણે એ નિશ્ચય શ્રુતકેવળી છે. એ વાત ખોટી છે, શ્રુતકેવળી અત્યારે હોય નહિ. આહા..હા..! ત્યારે (વર્તમાન મુનિ એમ) કહે છે કે, શુભજોગ જ અત્યારે પંચમ કાળમાં હોય. અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! સંતો આ શ્રુતકેવળી થયા, આત્માને જાણ્યો એ શુભજોગથી જણાણો ? આહા..હા..! એ શુભજોગ હતો ત્યાં ? એ ચૈતન્યના પ્રકાશના નૂરના તેજમાં ભગવાને એને જાણ્યો. આહા..હા..! એને શુભજોગથી ભિન્ન જાણ્યો. આહા..હા..! અરે..! કેવી હલકી દશા કરી નાખી ! અત્યારે મુનિપણું ને સમકિત ને બધું શુભજોગમાં બધું હોય, બસ. કારણ કે, શુભજોગથી નિર્જરા થાય છે અનિવૃત્તિકરણમાં. માટે વર્તમાનમાં જ્યાં શુભજોગ હોય એનાથી સંવર-નિર્જરા થાય. અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ !

અહીં તો કહે છે કે, દ્રવ્યશ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવી જાય, બાર અંગ. આહા..હા..! કેટલી યાદ શક્તિ ! અહીં તો થોડું હોય તો એને થઈ જાય કે, અમે તો, ઓહો..હો..! કેટલું ધાર્યું છે ને કેટલું અમને આવડે છે. અરે..! પ્રભુ ! સાંભળને ભાઈ ! આહા..હા..! આ તો અંદરમાં ભાવશ્રુત થયું છે એનાથી જાણ્યો છે આત્મા એને દ્રવ્યશ્રુતનું આટલું હોય... આહા..હા..! તે અંતર્મુહૂર્તમાં ફેરવે. ગજબ વાત છે. બેસવું કઠણ પડે. છદ્મસ્થ છે, અંતર્મુહૂર્તમાં (ફેરવે ?) પણ બાપુ ! તને ખબર નથી જ્ઞાનની કેવળની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને જાણે. એ હવે શ્રુતજ્ઞાનની પર્યાયમાં દ્રવ્યશ્રુત જે થયું... આહા..હા..! એ અંતર્મુહૂર્તમાં (ફેરવી જાય). (કેવળી) એક સમયમાં ત્રણ કાળ જાણે, અહીં અંતર્મુહૂર્તમાં શ્રુત ફેરવે. બરાબર છે. આહા..હા..!

**'તોપણ તે મોટો તફાવત છે. જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું, (કેવળ) જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ...'** આહા..હા..! જેની પર્યાયમાં ચૈતન્ય ઋદ્ધિ (પ્રગટી), પર્યાયમાં, હોં ! પૂર્ણ પ્રગટ થઈ ગઈ. આહા..હા..! છતાં ત્યાં વસ્તુમાં તો પૂર્ણપણું જ પડ્યું છે. આહા..હા..! પૂર્ણ પ્રગટ થઈ માટે અંદર શક્તિમાં કાંઈ હીણી રહી છે એમ નથી. આહા..! શું આ તે વસ્તુ ! આમ ભાષા આવી ને ? ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ, પૂર્ણ પ્રગટ થઈ ગઈ, પર્યાયમાં. છતાં વસ્તુ ગુણ ને દ્રવ્ય છે એ તો પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ચમત્કારિક ચીજ છે. આહા..હા..! એ સાધારણ તર્કમાં, વિકલ્પમાં બેસે એવી ચીજ નથી, બાપુ ! આહા..હા..! એ તો દ્રવ્યનો સ્વભાવ જ કોઈ એવો છે. આહા..હા..! કે, આવી પૂર્ણ પર્યાય પ્રગટ થઈ, જો કે એને શ્રુતની સાથે મેળવવું છે છતાં પણ એ પૂર્ણ પર્યાય પ્રગટ થઈ પણ અંદર વસ્તુમાં પૂર્ણતામાંથી આવી માટે પૂર્ણમાં કાંઈ કમી થઈ ગઈ (એમ નથી). આહા..હા..! શું આ તે વાત ! આકરું કામ

છે, ભાઈ ! આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ જ એ સહન કરે છે, એને આ રીતે કબૂલે છે. આહા..હા..! અંતર્મુહૂર્તમાં બાર અંગને ફેરવે ઇ શું ? આહા..હા..! ભાઈ ! જેને બાર અંગનું જ્ઞાન છે એ જ્ઞાનની પર્યાયની એટલી તાકાત છે. ભગવાન જ્યારે એક સમયમાં બધું જાણે, તો આ એક અંતર્મુહૂર્તમાં ફેરવે. આહા..! એમાં શું છે ? આહા..હા..! એવો ભગવાન ચૈતન્ય પર્વત જેને પર્યાયમાં પ્રગટ્યો અને આ શ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવ્યું તોપણ મોટો અનંતો ફેર છે બેમાં. આહા..હા..!

મુમુક્ષુ :– પ્રત્યક્ષ પરોક્ષનો ભેદ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ. પ્રત્યક્ષ, પરોક્ષનો નહિ. આમાં શક્તિ ઓછી ને એની શક્તિ ઘણી, એમ ફેર છે. આહા..હા..! કારણ કે ફક્ત અંતર્મુહૂર્તમાં ફેરવી શકે છે પણ એક સમયમાં ત્રણકાળ જાણી શકે છે એમ નથી. આહા..હા..! શું પ્રભુની લીલા ! આહા..હા..! એ ચૈતન્ય ચમત્કારિક પદાર્થ પ્રભુ, આહા..હા..! એને જેણે જાણ્યો અને જાણવા છતાં દ્રવ્યશ્રુતમાં પણ ઘણું જ્ઞાન પ્રગટ થયું... આહા..હા..! છતાં એ દ્રવ્યશ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવે તો એમ લાગે કે, આ તો આમ આમ ફેરવી જાય. અરે..! પ્રભુ ! એ વાત જ કોઈ જુદી છે. આહા..હા..!

દ્રવ્યનો સ્વભાવ તો, ગુણ તો અચિંત્ય ચમત્કારિક છે પણ પર્યાયનો, શ્રુતજ્ઞાનની પર્યાયમાં દ્રવ્યશ્રુત થાય એ આમ સાધારણ તર્કમાં આવે કે, પણ એક સમય અંતર અસંખ્ય સમય છે અને અંતર્મુહૂર્તમાં અસંખ્ય સમય છે ને દ્રવ્યશ્રુત તો ઘણું છે. આહા..હા..! એક આચારાંગના અઢાર હજાર પદ, અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એવા એવા ડબ્બલ સૂયગડાંગ, ડબ્બલ અઢાર હજાર, છત્રીસ હજાર, બોતેર હજાર, એકસો ચુમ્માલીસ હજાર, આહા..હા..! બે લાખ અઠયાસી હજાર, જાવ ડબ્બલ. ઓહો..હો..! અને તે બાર અંગમાં પણ પાછું ચૌદ પૂર્વ અને એના ઉપરાંત ભાગ પાછો. આહા..હા..!

જ્યારે કેવળપર્યાય ત્રણ કાળ, ત્રણ (લોક જાણે). બાપુ ! આ તો દ્રવ્યની અને પર્યાયની માહાત્મ્યની વાતું છે. એમાં રાગનું માહાત્મ્ય છે નહિ. આહા..હા..! જેનું છદ્મસ્થનું અલ્પ જ્ઞાન અને દ્રવ્યશ્રુતનો અપાર ભાગ,.. આહા..હા..! તર્કમાં સાધારણને બેસે નહિ. એટલું એક અસંખ્ય સમયમાં (જાણે). ભગવાન એક સમયમાં જાણે, આ અસંખ્ય સમયમાં દ્રવ્યશ્રુતને ફેરવે. ઓલું જાણે એ તો ઠીક પણ જાણે એનો અર્થ શું થયો, પ્રભુ ! આહા..હા..!

ત્રણકાળ ત્રણલોક એક દ્રવ્યના ગુણના, પર્યાયના, પોતાના, ભાઈ ! એ શું છે આહા..હા..! એ પર્યાય બેસવી અંતરમાં, આહા..હા..! એ તો કહ્યું ને ? **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** ('પ્રવચનસાર' ગાથા–૮૦). અરિહંતની પર્યાય પૂર્ણ છે એમ જાણ્યું અને જાણીને આત્મા સાથે મેળવવા જાય છે ત્યાં પર્યાયમાં ગુણ ભેળવે છે અને ગુણને દ્રવ્યમાં અભેદ કરે છે. આહા..હા..! ત્યાં એને આત્માનું જ્ઞાન થાય છે, સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! વિકલ્પથી આ વાત બેસી શકે એવી નથી.

એ સ્વભાવ જ ભગવાન આત્માનો એક સમયમાં ત્રણ કાળને જાણવાનો (છે). શક્તિમાં તો ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી શક્તિ તો ત્રિકાળ છે પણ અહીં તો પ્રગટમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે. આહા..હા..! એક સમયની દશા, ઓલો તો ગુણ છે. એવા કેવળજ્ઞાનની આગળ પણ ભાવશ્રુતકેવળી નિશ્ચયથી હોય અને દ્રવ્યશ્રુતમાં આટલું જ્ઞાન બાર અંગનું હોય. આહા..હા..! એ ફેરવે એટલી તાકાત હોય ધારણની... આહા..હા..! તોપણ એ પર્વતમાં ડુંગર પાસે જેમ કણિયો (હોય), એમ કેવળજ્ઞાની પાસે કણિયો છે. આહા..હા..! અરે..! એ કોણ છે ? પ્રભુ ! આહા..હા..!

જેને ચૈતન્યના ચમત્કાર પ્રગટ્યા, આહા..હા..! એ ચમત્કારની શું વાતું કરવી ! આહા..હા..! કહે છે કે, ભલે એ પ્રગટ્યો ને દ્રવ્યશ્રુત થયું પણ એ હજી કેવળજ્ઞાનની પાસે તો અનંતમો ભાગ પામર છે, કણિયો છે. આહા..હા..! આવી વાતું છે. આવો ઉપદેશ. આ લોકોને અત્યારે ચડાવી દીધા છે, વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો અરે..! ભગવાન !

એ બધી વાતું તો રાગની ક્રિયા. પ્રભુ ! તને ખબર નથી. તારા દ્રવ્ય ને ગુણ પર્યાયની તાકાત કેટલી છે, એ તાકાતની તને ખબર નથી. એ રાગની તાકાત તને જણાવી દે આત્માને એવી તાકાત છે નહિ રાગમાં. આહા..હા..! લાખ ઉપવાસ કર ને કરોડ કર ને જાત્રાઓ અબજ કર ને, કરોડ અબજ રૂપિયા ખર્ચેને પણ એ રાગનો કણિયો એનામાં તાકાત નથી કે, આત્માને જાણી શકે. આહા..હા..! આવી છે પ્રભુ વાત આહા..હા..! એ તો અંદર ભાવશ્રુતજ્ઞાનની તાકાત છે કે, જે અંતર આત્માને જાણે. એ રાગની ક્રિયાઓ બધી આવે પણ એ બંધનું કારણ હેય તરીકે છે. આહા..હા..!

નિશ્ચયથી તીર્થ પ્રભુ આત્મા પ્રભુ પૂર્ણ બધું પોતે. દેવ પોતે, ગુરુ પોતે, સિદ્ધાંતનું તત્ત્વ છે તે પોતે. આહા..હા..! એમ હોવા છતાં, ભાન થયા છતાં એને દેવ-ગુરુ-શાસ્ત્રનો વ્યવહારે મહિમાનો વિકલ્પ આવે. આહા..હા..! છતાં એ વિકલ્પ છે એ હેય તરીકે છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિ એને હેય જાણે છે. ત્યારે (કોઈ કહે કે), હેય જાણે છે (તો) એ કેમ કરે છે ? બાપુ ! એ આવ્યા વિના રહે નહિ, ભાઈ ! આહા..હા..! એવું પ્રગટ્યું હોય બાર(અંગ) શ્રુતનું જ્ઞાન છતાં (દ્રવ્યુશ્રુત અને કેવળજ્ઞાનમાં અનંતો ફેર છે.) આહા..હા..!

**'ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ-એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં...'** આહા..હા..! **'એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો ફેર છે.'** આહા..હા..! કેટલું સરસ આવ્યું છે ! આહા..હા..! હવે અહીં સાધારણ જ્યાં હજી સમ્યગ્જ્ઞાન વિના, આત્મજ્ઞાન વિના ધારણાનું જ્ઞાન થાય ત્યાં એને એમ થઈ જાય કે, આહા..હા..! એને બિચારાને (એમ થાય) કે આહા..હા..! કેટલું અમે જાણ્યું ! ક્યાં અમે વધી ગયા છીએ ! અરે..! પ્રભુ ! સાંભળને ભાઈ !

આવા ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણ્યો છે અને દ્રવ્યશ્રુતનું જ્ઞાન બાર અંગનું પ્રગટ્યું છે... આહા..હા..! એ પણ કેવળજ્ઞાની પાસે... આહા..હા..! ખંડાત્મક જ્ઞાન (છે), અનંતો ફેર છે. આહા..હા..! ભાવશ્રુતજ્ઞાન સહિત જે દ્રવ્યશ્રુત થયું આટલું, હોં ! બાર અંગનું જ્ઞાન મિથ્યાદષ્ટિને ન થાય. મિથ્યાદષ્ટિને તો નવ પૂર્વ ને અગિયાર અંગનું જ્ઞાન થાય. આહા..હા..! દસ પૂર્વનું જ્ઞાન થાય એ તો સમ્યગ્દષ્ટિ હોય. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા જેને ભાવશ્રુતજ્ઞાનથી જાણ્યો એને દ્રવ્યશ્રુતનું આટલું જ્ઞાન હોય તોપણ તેને કેવળજ્ઞાનની અપેક્ષાએ અનંતો ફેર છે. આહા..હા..! અનંતો ફેર છે. આહા..હા..! આ તો આત્માને માટેની વાત છે, બાપુ ! ૩૨૪ (બોલ પૂરો થયો).

## ક્ષમાપના

શ્રીમદ્ ભગવંત વીતરાગ સર્વજ્ઞદેવ, પરમશાંતરસ નિમગ્ન નિર્ગ્રંથ ભાવલિંગી સંત ગુરુરાજ, વીતરાગતાપોષક જિનવાણીમાતા તથા જિનશાસન પરંપરામાં થયેલા સર્વ સત્પુરુષો પ્રત્યે મન-વચન-કાયાના યોગે જે કાંઈ પણ અવિનય, અપરાધ કે અશાતના થયા હોય તેની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. સ્વાનુભૂતિપ્રકાશના પાઠકવર્ગ પ્રત્યે પણ જે કોઈ અવિનય કે અશાતના થયા હોય તેની ક્ષમા યાચીએ છીએ.



# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ પત્રાંક-૪૭૦ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન તા.૦૯-૦૪-૧૯૯૮, પ્રવચન નં. ૬૫૦

૪૭૦. 'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પાનું-૩૮૪. પત્રનો આંક-૪૭૦. 'ત્રિભુવનભાઈ' ઉપરનો જ પત્ર છે. જે આપણે ૫૧૦મો પત્ર વાંચ્યો. એમના ઉપર અગાઉ લખેલો આ પત્ર છે. '**'જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય, એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે,'...**' અવતરણ ચિહ્નમાં વાક્ય એટલા માટે લખ્યું છે કે એ સિદ્ધાંત જેવો વિષય છે. અધ્યાત્મના જે કેટલાક સિદ્ધાંતો છે એમાંનો આ પણ એક સિદ્ધાંત છે, જે મુમુક્ષુની ભૂમિકામાં લાગુ પડે છે.

મુમુક્ષુજીવને અધ્યાત્મદશાની પ્રાપ્તિ થવા અર્થે જે કાંઈ પૂર્વતૈયારી, પાત્રતા, આત્માર્થીતા એ વગેરે હોય છે એમાં આ એક બહુ મોટી વાત છે જે ધ્યાનમાં લેવાય તો એમનું અડધું પાછળનું વાક્ય છે એ સાર્થક થઈ જાય. **'એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે,...'** એમ લીધું છે. એટલે એ સિદ્ધાંત છે કે જો જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય, અભિન્નબુદ્ધિ થાય એટલે શું ? અંતર ન રહે. કોઈપણ પ્રકારનું ભાવમાં અંતર ન રહે. એવો અભિપ્રાય, બુદ્ધિ એટલે અભિપ્રાય. પછી બાહ્ય પરિસ્થિતિ પુણ્યયોગ પ્રમાણે, પ્રારબ્ધ પ્રમાણે બને છે. પણ ભાવની અંદર (એમની સમીપતા રહે છે).

જેમકે 'સોગાનીજી' 'સોનગઢ' રહી શકતા નહોતા. પ્રારબ્ધનો એ પ્રકારે પુણ્યયોગ નહોતો. પવિત્રતા પ્રાપ્ત થઈ હતી પણ પુણ્ય નહોતું. જુઓ ! 'ગુરુદેવ' પાસે વર્ષોથી રહેનારા એમનેમ રહ્યા હોય. એવો પુણ્યયોગ હોય. પાત્રતાદિ કાંઈ ઠેકાણું ન હોય તોપણ. આ તો જ્ઞાનદશા પ્રાપ્ત કરનારા. એક જ દિવસના પરિચયથી જ્ઞાનદશા પ્રાપ્ત કરનારાને એવો પુણ્યયોગ નહોતો કે એ સાથે રહી શકે, સંયોગમાં રહી શકે. પણ પત્રમાં ભક્તિ એવી આવતી કે અહીંયાં આવ્યા પછી એમ થાય છે કે 'સોનગઢ'ની ધૂડ માટે પણ તડપવું પડે છે. શું લખે ? 'સોનગઢ'વાળાને એમ લખે કે મને તો ત્યાંની ધૂડ નથી મળતી એનું મને તડપવું લાગે છે. 'ગુરુદેવ'ની તો શું વાત કરવી ? એટલી બધી અભિન્નબુદ્ધિ આવે.

અભિન્નબુદ્ધિ એટલે શું ? ભેદભાવ વગરનો ભાવ. કેમકે એમને પોતાને એમ લાગ્યું કે આ તો સર્વસ્વના દેવાવાળા છે, આ તો સર્વસ્વના દેવાવાળા છે. તો પછી સર્વસ્વ જેનાથી મળી ગયું એનાથી ભેદ શું રાખે ? ભેદ રાખવાનો કાંઈ પ્રશ્ન રહેતો નથી.

જેના માત્ર નિમિત્તપણાને કારણે ભવિષ્યનો અનંતકાળ સુધરી ગયો એનું મૂલ્ય કેટલું ? અને કઈ રીતે એનું મૂલ્ય અંકાય ? કઈ રીતે થાય ? એ અભિન્નબુદ્ધિ છે. એ એક પ્રકારની, કોઈ ચોક્કસ પ્રકારની યોગ્યતાનો અનુભવ થઈને સમજવા જેવો વિષય છે. શબ્દાર્થથી કે ભાવાર્થથી સમજવા જેવો વિષય નથી. પણ એ પ્રકારે જો અભિન્નભાવ આવે તો એ Feeling level નો વિષય છે, માત્ર Thinking level નો નથી. અને એ જીવનું કલ્યાણ થવામાં કોઈ શંકાને સ્થાન રહેતું નથી. એને પોતાને નથી રહેતું. બીજાને તો રહે, ન રહે એની સાથે કાંઈ નિસ્બત નથી. પણ એને પોતાને જ રહેતું નથી. એને પોતાને અંદરથી નિશ્ચય થઈ જાય છે કે હું તરી ગયો.

'મીરાંબાઈ' તો માર્ગાનુસારી હતા. એક વખત એમ લાગ્યું હશે કે આવો જે સંસાર છે એ તરવો એ તો સાગરને તરવા બરાબર છે. ગુરુચરણમાં ભક્તિ એટલી એમને આવી છે કે એમને એમ લાગ્યું કે સંસાર

મારો સુકાઈ ગયો. 'ભવસાગર તો સુખ ગયો, ફિકર ગઈ મોહે તરનનકી.' પહેલા એક ફિકર થતી હતી કે આ ભવસાગર કેમ તરાશે ? એ ફિકર જ ચાલી ગઈ. કેમ ? કે સાગરની જગ્યાએ સાવ સુકાયેલું મેદાન (છે), ચાલ્યા જાવ. લપાટી મૂકીને દોડ્યા જાવ. સાગર જ નથી. ખાલી જમીન થઈ ગઈ. એક ગુરુચરણની ભક્તિમાં મોહ સુકાઈ ગયો. ખરેખર તો ભવસાગર તો મોહ જ હતો. બીજું કાંઈ નથી. પોતાનો જે મોહ એ જ ભવસાગર છે. મોહ સુકાઈ ગયો તો કહે છે, ભવસાગર સુકાઈ ગયો. હવે મારે તરવું પડશે એ વાત ન રહી. અને આટલું બધું કેમ તરાશે એ ફિકર ચાલી ગઈ. જુઓ ! અંદરથી આત્મા કેવો જવાબ દે છે !

**''જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય, એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે', એવો સર્વ મહાત્મા પુરુષોનો અભિપ્રાય જણાય છે.'** હું આમ કહું છું એમ નથી કહેતા. બધા જ મહાત્માઓનો આવો અભિપ્રાય જણાય છે. અને એ મહાત્માઓ પણ મહાત્મા પછી થયા છે, પહેલા એમને પણ જ્ઞાની પ્રત્યે અભિન્નબુદ્ધિ થઈ છે ત્યારે (થયા છે).

મુમુક્ષુ :- સાંજે આપે કીધું ને કે કૃત્રિમતા થાય છે. તો એમાં કૃત્રિમતા અને સહજતા કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે કૃત્રિમતા દેખાદેખીથી થાય છે. કોઈને સહજ અંતરની ભક્તિ હોય અને એની પ્રશંસા થાય. પ્રશંસા તો બધાને ગમે. પ્રશંસા તો બધાને ગમે. એટલે એ પણ એવું જ કરવા લાગે. જેની પ્રશંસા થાય છે એ આમ કરે છે તો હું પણ એમ જ કરું. અંદરના પરિણામ એવા ન હોય. અંદરમાં પરિણામ એવા ન હોય. એ કૃત્રિમતા થઈ ને ? દેખાવ. કૃત્રિમતા એટલે શું છે દેખાવમાં આવે છે એ.

મુમુક્ષુ :- અમુક પ્રકારની યોગ્યતા આવે પછી અભિન્નભાવ આવે ?

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો શું છે કે પોતાને આત્મકલ્યાણ કરવા અંગેની આ એક સૂઝ છે. એક સૂઝ છે આ. કેમકે દર્શનમોહ ગળે છે. બહુ મોટી વાત શું છે ? કે દર્શનમોહ બહુ સારી રીતે ગળી જાય છે. આમ તો 'કૃપાળુદેવે' પહેલું સમકિત મૂકી દીધું છે ત્યાં. સમકિત એટલે દર્શનમોહનો અભાવ. જોકે અહીંયાં અભાવ નથી થયો પણ અભાવનું પ્રત્યક્ષ કારણ પ્રાપ્ત થઈ ગયું. 'કારણ ગણી પ્રત્યક્ષ' એમ લીધું. 'સ્વચ્છંદ મત આગ્રહ તજી વર્તે સદ્‌ગુરુ લક્ષ સમકિત તેને ભાખિયું.' ભાખ્યાનો અર્થ શું થાય છે ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ દિવ્યધ્વનિમાં એ વાત ભાખી છે, એમ કહે છે. હું કહું છું એમ નથી કહેતા.

સમ્યગ્દર્શનનું અનુસંધાન થાય એવી જે લાઈનદોરી, એ એમણે ત્યાં મૂકી છે. 'આત્મસિદ્ધિ' શાસ્ત્રનો આશય અહીંયાં રહેલો છે. પછી ત્યાંથી ઉપરની ભૂમિકાનું Development થાય છે. અને કેવી રીતે થાય છે એ બધું પણ એમણે 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં જણાવ્યું. પણ શરૂઆતમાં ૧૭મી ગાથામાં આ વાત લીધી. એટલે શરૂઆત કરતા ૧૪૨ કડી લખવી છે એમાં ૧૭મી કડીમાં આ લખ્યું. પછી તો ૧૨૫મી કડીમાં ઘણું Development કર્યું એમણે. ૧૨૫મી કડી પછી લખી એમણે.

મુમુક્ષુ :- મૂળ તો નિશ્ચય છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે. નિશ્ચયમાં શું થાય કે ખાતરી થઈ જાય છે. અહીંયાં નિશ્ચય કેવા અર્થમાં છે ? કે એ જીવને અંદરમાં નિશ્ચય થઈ જાય છે. અને બહુ મોટી વાતનો નિશ્ચય થઈ જાય છે કે મારો છુટકારો થઈ ગયો. એટલે તો 'મીરાંબાઈ'નું દૃષ્ટાંત લીધું. 'મીરાંબાઈ'એ શું ગાયું ? કે મારો ભવસાગર સુકાઈ ગયો. ભલે થોડા ભવ હશે પણ એ પછી દેખાતા નથી. એ ભવો પછી દેખાતા નથી એમને. કેટલી મોટી વાત કહેવાય. ! એમાં નહિ શાસ્ત્ર ભણવું, આ નયથી આમ છે અને આ નયનો વિષય આવો છે ને દ્રવ્યાર્થિકનયનો વિષય આમ છે ને પર્યાયાર્થિકનયનો વિષય આમ છે. વસ્તુનું વૈજ્ઞાનિક બંધારણ આમ છે. કર્મની Theory આવી છે અને ચરણાનુયોગ આમ કહે છે. કાંઈ રહ્યું ? સીધી સમકિતની Line સંધાય ગઈ. અભણમાં અભણ માણસને સૂઝવું જોઈએ. અને સૂઝનો જ સવાલ છે. સાવ અભણ હોય તો એ પ્રકારમાં આવી શકે.

મુમુક્ષુ :- 'મીરાંબાઈ'ને તો પ્રત્યક્ષ ગુરુ મળ્યા

પણ નહોતા.

પૂજ્ય ભાઈશ્રી :– બનતા સુધી 'રઈદાસભક્ત' છે ને ? એ એમના ગુરુ હતા. 'ભક્ત રઈદાસ' થઈ ગયા એક. સાંભળ્યું છે ત્યાં સુધી એમના ગુરુ એ છે. એટલે મળ્યા છે. આ જે પદ છે, 'ઐસી ભક્તિ કરે રઈદાસા, પ્રભુજી તુમ ચંદન હમ પાની.' એ પદ એમનું છે. 'રઈદાસજી'નું.

મૂળ તો શું છે કે નિષ્કામતા એ આત્માનો સ્વભાવ છે. નિષ્કામતા એ આત્માનો સ્વભાવ છે. કોઈપણ સંપ્રદાયમાં જન્મેલો જીવ એ પોતે નિષ્કામતામાં આવ્યા. 'શ્રીકૃષ્ણ'ની ભક્તિમાં. એણે 'શ્રી કૃષ્ણ'(ને) જોયા નથી. હજારો વર્ષ પહેલા 'શ્રી કૃષ્ણ' થઈ ગયા. પણ એક ભગવાન તરીકેની, ઈશ્વર તરીકેની એની કલ્પના કરી અને નિષ્કામ ભક્તિમાં આવ્યા. જૈનમાં પણ બધાને સર્વજ્ઞ કેવા હોય છે એ થોડું સર્વજ્ઞના સ્વરૂપની ખબર હોય છે. ભલે દેરાસર જાય અને પૂજા કરે. પણ એમના સ્વરૂપની ક્યાં ખબર પડે છે ? એ તો સ્વભાવનું ભાન થાય ત્યારે જ સાચી ખબર પડે. અથવા ઓળખાણ ક્યારે થાય ? પહેલું સમકિત થાય ત્યારે થાય. એ જ્ઞાનીની ઓળખાણ થાય ત્યારે જ વીતરાગની ઓળખાણ થાય. ૪૭૬ પત્ર છે. એ પહેલા બધા ભજે જ છે. સૌ પોતપોતાના ઈશ્વરને ભજે છે. બધાય પોતાના ઈશ્વરને ત્રિકાળ જ્ઞાની માને છે. સર્વજ્ઞપણું તો ઓઘેઓઘે પણ માને છે.

'હરિભદ્રાચાર્યે' 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં આ Point ઉઠાવ્યો છે. આ Point ઉપર બહુ સારી ગાથાઓ લખી છે. તો એમણે તત્ત્વ પકડ્યું ત્યાંથી. જીવ તો જીવ છે. ગમે એ સંપ્રદાયમાં પૂર્વકર્મથી આવે છે. પ્રારબ્ધયોગે આવે છે. જીવ તો જીવ છે. એ કાંઈ જીવ નથી એવું તો નથી. 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન.' તો જ્ઞાની એને જૈન તરીકે જોવે છે. એ ફલાણા સંપ્રદાયમાં જન્મ્યો હતો એમ નથી જોતા. 'ગુરુદેવ' તો આ ગાથા ઉપર મસ્તીમાં આવતા હતા. 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન.'

પહેલી વખત મારી સાથે આ જ પ્રસંગ બન્યો છે. (એક મુમુક્ષુએ) મારી ઓળખાણ આપી. આ તો વૈષ્ણવ છે. અહીંયાં કોઈ વૈષ્ણવ પણ નથી અને અહીંયાં કોઈ જૈન પણ નથી. વૈષ્ણવ નથી એમ ન કીધું. જૈન પણ નથી એમ કીધું. અહીંયાં તો અમારે બધા આત્માઓ જ છે. એ એક આખો તત્ત્વનો વિષય છે. તત્ત્વ પકડે છે. જીવતત્ત્વને જોવે છે એ. અને એનો સ્વભાવ નિષ્કામતા છે. એ જીવને નિષ્કામતા પ્રગટ થઈ ને ?

એને માર્ગાનુસારીમાં લીધા. 'કૃપાળુદેવે' એને માર્ગાનુસારીમાં લેવાનું એક જ કારણ છે. આ 'નરસિંહ મહેતા' છે કે 'મીરાંબાઈ' છે કે 'કબીર' છે કે 'અખાભગત' છે. એ બધાને માર્ગાનુસારીમાં લેવાનું એક જ કારણ છે–નિષ્કામતા. એ નિષ્કામપણે ભજે છે, બસ ! એનો સ્વભાવ પ્રગટ કર્યો. અને એની નિષ્કામતા એટલે કેવી નિષ્કામતા ? ગમે તેવી આકરા ઉદયની પરિસ્થિતિમાં સકામપણું ન આવે એને. પછી એને નમસ્કાર ન કરે ? જ્ઞાનીઓ એને નમસ્કાર કરે. કેમકે એણે સ્વભાવ પ્રગટ કર્યો. એવી વાત છે.

મુમુક્ષુ :– ગૃહીત મિથ્યાત્વી હોય એને પણ નિષ્કામભક્તિ હોય.

પૂજ્ય ભાઈશ્રી :– એ બહુ વિચિત્ર વિષય છે આખો. એનું ગૃહીત મિથ્યાત્વ રહેવાવાળું નથી, જવાવાળું છે. એના ગૃહીત મિથ્યાત્વને જોવું કે એણે નિષ્કામતા પ્રગટ કરી એને જોવી ? બેમાંથી કોને જોવું ? 'સોભાગભાઈ'નો સ્થાનકવાસીમાં જન્મ હતો અને ઈશ્વરકર્તાપણામાં માનતા હતા. 'કૃપાળુદેવ'ને મળ્યા પછી એમને અભિન્નબુદ્ધિ થઈ. શું થયું ? અભિન્નબુદ્ધિ થઈ. અને જ્ઞાનીના માર્ગે ચાલવાનો અદ્‌ભુત નિશ્ચય એમને અંદરથી આવ્યો. જો બચવું હોય ને તો આ કહે એ પ્રમાણે મારે ચાલ્યા જવું જોઈએ. બીજું કાંઈ હું સમજતો નથી. એ કહે એ પ્રમાણે ચાલવું છે. તો એની અભિન્નબુદ્ધિ જોવી કે એને ઈશ્વરકર્તાપણું રહી ગયું છે ઇ જોવું ? શું જોવું ?

હમણા આપણે સવારના સ્વાધ્યાયમાં એક બોલ ચાલી ગયો કે બીજાના દોષ ન જોવા, ગુણ જોવા. આમાં ઇ સિદ્ધાંત છે. 'મીરાંબાઈ'નું ઈશ્વરકર્તાપણું જોવું કે એની

નિષ્કામતા જોવી ? 'સોભાગભાઈ'નું ઈશ્વરકર્તાપણું જોવું કે એને 'કૃપાળુદેવ' પ્રત્યે જે અનન્ય અને અભિન્નભાવે ભક્તિ આવી ઇ જોવું ? અહીંયાં ગુણ મોટો કે દોષ મોટો ? હવે ત્રાજવું લઈને બેસો તમે, તોળો તમે.

આ એક આવા બહુ મોટા (ગુણની પ્રાપ્તિ છે). બીજી બાજુ દોષ પણ ઊભો છે. હવે તમારે ત્રાજવામાં કેવી રીતે તોળવું છે ઇ કહો. તુલનાત્મકદૃષ્ટિ કેવી હોય છે ? જેની ગુણદૃષ્ટિ હોય છે એને બધું ગૌણ થઈ જાય છે. એનું ગૃહીત મિથ્યાત્વ ગૌણ થઈ જાય છે એટલા માટે કે એ રહેવાવાળી ચીજ નથી.

મુમુક્ષુ :– ઇ તો Safeguard થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– બચી ગયો એ તો. બાકી ગૃહીત અને અગૃહીત, સત્ય અને અસત્ય(ના) નિર્ણય કરનારા રખડશે હજી ઘણું. આ રખડશે નહિ. એટલો મોટો ફેર છે આમાં.

મુમુક્ષુ :– અહીંયાં એક પ્રશ્ન ઊભો થાય, કોઈ અંબાજીમાં માનતું હોય તો એમાં નિષ્કામભક્તિ કઈ રીતે લાવવી ?

પૂજ્ય ભાઈશ્રી :– લગભગ જે કુદેવને માને છે, આવી રીતે જે માતાજીને અને બીજા-ત્રીજા દેવોને, એમાં તો સંપ્રદાય જ આખો સકામતામાં ચાલે છે. આમ તો જૈનોમાં સકામતા નથી એવું કાંઈ નથી. સવારે દુકાને ગયા એ પહેલા દેરાસર જાય છે એ વકરો સારો થાય એવો ભાવ રાખીને જ માથું નમાવતા હોય છે.

'અમદાવાદ'માં 'સૂર્યકીર્તિ' ભગવાનની સ્થાપના કરી ત્યારે એક જુવાન માણસે બહુ વિરોધ કર્યો, તોફાન કર્યું. બીજા દિવસે સ્વાધ્યાય પૂરો થયા પછી ઇ બેય માણસ દર્શન કરવા આવ્યા. દર્શન કરીને પાછા જતા હતા મેં એ ભાઈને બોલાવ્યા. ઓફિસમાં બેસાડી એને પૂછ્યું કે કાલે શું આ બધું તમને થયું હતું ? તો કહે અમને આમ વાંધો છે, આમ વાંધો છે ને તેમ વાંધો છે. પછી તો ખબર પડી કે એને કોઈએ આ બાબતમાં તૈયાર કરેલા હતા. એ પણ ઠીક. મેં કીધું તમે અહીંયાં દર્શન કરવા આવો (છો), 'અમદાવાદ'માં બીજા પણ જિનમંદિર તો છે. તમે અહીંયાં દર્શન કરવા આવો છો. તો અહીંયાં કાંઈ તમે બહુ મોટી કોઈ અર્પણતા કરી છે એટલે આવો છો ? શું કારણથી આવો છો ? શું વાત છે ? કારણ કે એ તો દિગંબર સંપ્રદાયવાળા હતા. એ કહે, મેં તો કાંઈ આપ્યું કારવ્યું નથી. આપ્યું હોય એને હક્કબુદ્ધિ હોય કે મેં તો આમાં બહુ દાન આપ્યું છે આ મંદિર થયું ત્યારે. તો અધિકારથી કોઈ એવો વિચાર આવે. પણ એવું તો કાંઈ હતું નહિ. ખાડિયા મંદિર થયું હશે ત્યારે એમનો જન્મ પણ નહિ હોય. નાની ઉંમરનો માણસ હતો.

એ કહે, વાત એમ છે કે આ નીચે ભગવાન છે ને પાંચ ફૂટના મોટા પ્રતિમા એમના દર્શન કર્યા પછી મારે વેપાર-ધંધો બહુ સારો ચાલે છે. મૂળ દિગંબર ! એટલે હું દર્શન કર્યા વગર દુકાને જાવ જ નહિ. દુકાન ખોલું જ નહિ ને. પછી જ દુકાન ખોલું. ભલે મોડું થતું હોય તોપણ આ ભગવાનના દર્શન કરીને પછી જાવ. દિગંબર છે (તોપણ) સકામપણે ભજે છે. આમ તો કહે હું અંબાજીને માનું છું અને ફલાણા માતાજીને પણ માનું છું. પછી બધું બોલવા માંડ્યા. એને તો કાંઈ ખબર નહિ કે આપણે એનો અર્થ શું કરશું. પણ સકામતા-ઘણી સકામતા. પછી વીતરાગ સર્વજ્ઞને પગે લાગે કે અંબાજીના ફોટાને પગે લાગે, બધું એકનું એક જ છે. એના માટે વીતરાગ વીતરાગ નથી. એના માટે વીતરાગ પણ અંબાજી જ છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :– મહાવીરજી જાય છે, તિજારા જાય છે તો લગભગ ૯૯% સકામતા હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં તો દેખાય આવે છે ને. બધું જે દીવા અને આ ને તે બધું વેચાય છે બહાર એ દેખાય આવે છે કે લોકો શું કરવા અહીંયાં આવે છે. જેના ઘરમાં આવું તત્ત્વ અને આવા શાસ્ત્રો પડ્યા છે ત્યાં જ અંધારું છે તો બીજે અજવાળુ હોય ક્યાંથી ? અને ક્યાંક હોય તો એની બહુ મોટી કિંમત છે.

જો દિગંબર મૂળ સંપ્રદાયમાં આટલી બધી સકામતા હજી પણ ઘર કરી ગઈ હોય. આ તો બહુ મોટો રોગ છે. સંયોગમાંથી સુખ લેવાનો અને સંયોગની સુખબુદ્ધિનો બહુ મોટો રોગ છે આ તો. એના બદલે

જો અન્યમતમાં નિષ્કામતા હોય તો એને કેટલું Highly appreciate કરવું જોઈએ ? એ 'કૃપાળુદેવ' Appreciate કરે છે. ૨૧૭માં પત્રમાં એ લખે છે.

મુમુક્ષુ :– ૧૮૭માં...

પૂજ્ય ભાઈશ્રી :– હા. ૧૮૭માં લખે છે કે, અમને તો એની ચરણસેવા કરવાનું મન થાય છે. જ્ઞાની થઈને શું કહે છે ? કે અમને તો એની ચરણ સેવા કરવાનું મન થાય છે અને એમના પ્રત્યે જ્ઞાની કરતા વધારે ઉલ્લાસ આવે છે. એ તો ગમે ત્યારે Sixer જ મારે છે આવી બધી વાતોમાં. જ્ઞાની કરતા અમને વધારે ઉલ્લાસ આવે છે. કેમ ? કે જ્ઞાની તો બધું સમજીને બેઠા છે. આ સમજતા નથી છતાં આટલી નિષ્કામતા આનામાં !

તમે આજે પચાસ વર્ષે, સાંઈઠ વર્ષે જે વસ્તુ ગ્રહણ ન કરી શકતા હોય, એ આઠ વર્ષનું છોકરું અહીંયાં ગ્રહણ કરતું હોય તો એને Highly appreciate કરવું જોઈએ કે ન કરવું જોઈએ ? એના જેવી વાત છે એ. તમે સંપ્રદાયમાં આવ્યા, જ્ઞાની થયા. આ થયું બધું થયું પણ આ તો ક્યાંના ક્યા પડ્યા છે અને ક્યાંથી એણે વાતને ઊપાડી ! અને એ ઉપાડી તો ક્યાં પહોંચી જાશે એ ? નિર્વાણપદને પામશે. બહુ મોટી વાત છે. એવી રીતે એમણે.. એની પાછળ બહુ ઊંડી સમજણ છે. એક એક વાત પાછળ બહુ ઊંડી સમજણ છે.

અમારે મહાવીરજીમાં તો ડખો થયો આના ઉપર તો. 'કૃપાળુદેવ'ના આ બધા પત્રો ઉપર. ૧૮૭ થી ૨૧૭ પત્રો ઉપર દિગંબરના વિદ્વાનો વિરોધમાં આવી ગયા. વિરોધમાં આવી ગયા. મેં કીધું, ભાઈ ! આ છીછરી બુદ્ધિવાળાનું કામ નથી. 'કૃપાળુદેવ'ના વચનો સમજવા એ છીછરી બુદ્ધિવાળાનું કામ નથી.

મુમુક્ષુ :– એ તો 'રાયચંદભાઈ-રાયચંદભાઈ' કરવા માંડ્યા. 'કૃપાળુદેવ' નહોતા કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :– હવે એ તો એકભવતારી પુરુષ છે. આ લોકોને હજી કેટલા ભવ કોને ખબર પરિભ્રમણ હજી કેટલું વિરાધનામાં વધી જશે એ કોને ખબર છે ? પણ સ્વચ્છંદ ફાટે ત્યારે એવો ફાટે જીવને કે જ્ઞાનીને પણ ઉડાડે. 'ગુરુદેવ' તો (એમ કહેતા) જુઓ ! છેલ્લા બસ્સો-ચારસો વર્ષમાં આવો કોઈ પુરુષ થયો નથી. કેટલી પ્રશંસા કરે છે !

મુમુક્ષુ :– ભાઈશ્રી ! મૂળ દિગંબરોમાં ૯૯.૯૯% સ્વચ્છંદ જ હોય એ બાબતમાં.

પૂજ્ય ભાઈશ્રી :– હવે એ તો ભગવાનનો મૂળ સંપ્રદાય છે ને ? તો. તોપછી બીજે કોઈક રતન જેવું નીકળે તો એની કિંમત કેટલી કરવી ? એમ.

હવે શું કહે છે ? કે **'તમે તથા તે અન્ય વેદે...'** અન્ય વેદે એટલે સ્ત્રી વેદે. એમ ચોખ્ખું નથી લખ્યું. એમના પત્ની વિષે લખવું છે ને એટલે જીવને જોઈને લખે છે. **'જેનો દેહ હાલ વર્તે છે.'** છે એ જીવ. તમે તથા તમારી પત્ની એમ નથી લખતા. **'તમે તથા તે અન્ય વેદે જેનો દેહ હાલ વર્તે છે,...'** અમે તો એને જીવ જોઈએ છીએ. ભલે અન્ય વેદે એનો દેહ છે. **'તે બેય જ્ઞાનીપુરુષ પ્રત્યે જેમ અભિન્નતા વિશેષ નિર્મળપણે આવે તે પ્રકારની વાત પ્રસંગોપાત્ત કરો,...'** તમે ઘરમાં ચર્ચા આવી કરજો. એમ માર્ગદર્શન આપે છે. તમે બેય જણા એવી ચર્ચા કરજો કે જ્ઞાનીપુરુષ પ્રત્યે આપણને અભિન્નતા, અભિન્નભાવ કેવી રીતે વિશેષ નિર્મળપણે, નિષ્કામપણે, કેવી રીતે વધુમાં વધુ કેટલો ગાઢ, કેટલો પ્રગાઢ, કેટલો ઉત્કૃષ્ટ. એની તમે ચર્ચા પ્રસંગોપાત કરજો. કોઈ કોઈ પ્રસંગે આવી ચર્ચા તમે કરજો.

**'તે યોગ્ય છે;...'** એટલે તમારે માટે આ બહુ મોટું લાભનું કારણ થશે. બીજી ઘણી વાતો છે. પાત્રતામાં આવવાની તો ઘણી વાતો છે. એ એક પ્રકરણ જ છે મોટું આખું. પણ Particular જીવ માટે, કોઈ એક જીવ માટે, કોઈ એક વાતની જરૂર હોય છે, કોઈ એક જીવ માટે કોઈ બીજી વાતની જરૂર હોય છે, કોઈ એક જીવ માટે કોઈ ત્રીજી વાતની જરૂર હોય છે. અને એ જ્ઞાનીના લક્ષમાં હોય છે કે આને શું જરૂર છે.

મુમુક્ષુ :– બધાને લાગુ ન પડે ?

પૂજ્ય ભાઈશ્રી :– આ વાત તો બધાને લાગુ પડે છે. પણ એવી યોગ્યતામાં બધા આવી નથી શકતા. એવી યોગ્યતામાં બધા આવી નથી શકતા એનું કારણ શું છે ? કે અભિન્નભાવમાં સર્વાર્પણબુદ્ધિ ઊભી થાય

છે. અને બીજી બાજુ સંસારના પદાર્થો, સંયોગો, પ્રસંગો અને કુટુંબ-પરિવાર આદિ પ્રત્યેનો જે મોહ છે એ મોહ એ બાજુ સમર્પણ કરાવે છે. કેમ મોહ બાજુ સમર્પણ કરે જ છે ને ! શું કરે છે જીવ ?

એક માણસને ખાવા કેટલું જોઈએ ? કહો. મહેનત કેટલી કરે ? આખા કુટુંબ માટેની મહેનત કરે કે એકલા પોતાના માટેની કરે છે ? મારે ચાર રોટલી જોઈએ છે. હું આથી વધારે મહેનત નહીં કરું એમ કહે ? તો એ સમર્પણ ન થયું તો શું થયું ? જેટલો મોહ છે એટલું સમર્પણ છે. અહીંયાં દર્શનમોહ ગળવાનું કારણ શું છે ? કે આ બાજુ સર્વાર્પણબુદ્ધિ આવે છે તો અહીંથી મોહ ગળે છે ત્યારે આવે છે. તો મોહ ગાળવો એટલે ? બહુ મોટામાં મોટો Problem છે. આખા સંસારમાં રખડાવનારો કોઈ રાજા હોય તો એ જ છે. આખા જગત ઉપર એકચક્રી રાજ કરે છે.

ચક્રવર્તીને તો છ ખંડ હોય, ઇન્દ્રને તો ૩૨ લાખ વિમાન હોય. બધા સ્વર્ગ ઉપર એનું રાજ ન ચાલે. આ મોહરાજાનું ચૌદે બ્રહ્માંડમાં એકચક્રી રાજ ચાલે છે. અને બધાને બળદીયા બનાવીને કામ કરાવે છે. શું કરાવે છે ? બધાને બળદીયા બનાવે છે એ. ગાડે જોડે છે. મહેનત કર. અને બધા મોહથી મહેનત કરે છે. ભલે પરિભ્રમણ વધી જાય. આપણી ફરજ તો બજાવવી જોઈએ ને. આપણે દીકરા છે, આપણી દીકરી છે, આપણા મા-બાપ છે, આપણે ફલાણું છે, ઢીકણું છે. આપણે કરવું જ જોઈએ ને. બધાને બળદીયા બનાવે છે અને ગાડે બેસીને ચાબુક મારે છે. હાલ. ખેંચ સંસારનું ગાડું તું, ભાર ઉપાડ તું. ત્યાંથી ગળે ત્યારે આ બાજુ આવે. અને આ બાજુ આવે તો ત્યાં ગળી જાય. Simultaneously વાત છે-એકસાથે. એટલે આવી વાત લીધી છે.

મુમુક્ષુ :– મોહ તો ભૂતના મકાન જેવો છે. મકાન હોય પણ એમાં ભૂત નથી. પણ ડરે છે કે ભૂત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો ભૂત જ વળગ્યું છે ને. મોહનું ભૂતડું જ છે. બીજું શું છે. ભૂતાવિષ્ટ પુરુષ. 'સમયસાર'માં દાખલો લીધો છે. ભૂતાવિષ્ટ પુરુષ ગણ્યો છે એને.

**'અભિન્નતા વિશેષ નિર્મળપણે આવે તે પ્રકારની વાત પ્રસંગોપાત્ત કરો, તે યોગ્ય છે;...'** તે તમારા માટે યોગ્ય છે. **'અને પરસ્પરમાં એટલે...'** એટલે શું છે કે એ કોઈ એવી ભૂમિકામાં, સમીપમાં આવી ગયા હશે. યોગ્યતામાં. એટલે એને Booster આપે છે. 'કૃપાળુદેવ'ની જે Treatment આપવાની જે પદ્ધતિ છે એ એવી પદ્ધતિ છે કે ભક્તિવાનને ભક્તિનો પત્ર લખે. વૈરાગ્યવાનને વૈરાગ્યનો પત્ર લખે. નવાઈ લાગે આપણને. આ 'લલ્લુજી'ને વૈરાગ્યની વાત કેમ લખે છે ? હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ? આ બધા દોહરા લલ્લુજીને કેમ લખે છે ? કે એને કઈ દવાની જરૂર છે એ એમને ખબર છે. કયો Dose એને આપવો જોઈએ. એમ આ કોઈ એવી ભક્તિવિશેષમાં આગળ વધતા હશે તો એને સીધું Booster આપે છે, આગળ વધી જાય એટલા માટે.

**'અને પરસ્પર એટલે તેઓ અને તમ વચ્ચે નિર્મળ હેત વર્તે તેમ પ્રવર્તવામાં બાધ નથી, પણ તે હેત જાત્યંતર થવું યોગ્ય છે.'** (તમે) આપસમાં પતિ-પત્ની છો અને તમને એકબીજા પ્રત્યે હેત હોય એ જરૂરી છે પણ તે જાત્યાંતર થવું, એ બીજી જાતનું હોવું જોઈએ. એટલે મુમુક્ષુની જાતનું હોવું જોઈએ એમ કહે છે. સંસારની જાતનું નહિ. **'જેવું સ્ત્રીપુરુષને કામાદિ કારણે હેત હોય છે, તેવું હેત નહીં,...'** એ વાત અહીંયાં નથી કરવા માગતા. અહીંયાં મુમુક્ષુતાની વાત લેવી છે. તમે એને સાધર્મીજન તરીકે, મુમુક્ષુજન તરીકે દૃષ્ટિ રાખીને અને જેમ તમને પરસ્પર નિર્મળતા વધે એ પ્રકારે તમે વર્તો.

**'પણ જ્ઞાનીપુરુષ પ્રત્યે બંનેનો ભક્તિરાગ છે એવું બેય એક ગુરુપ્રત્યેનું શિષ્યપણું જોઈ,...'** ગુરુભાઈ. આપણે નથી કહેતા ? ગુરુભાઈ છે. **'અને નિરંતરનો સત્સંગ રહ્યા કરે છે...'** એ આપસમાં સત્સંગનું નિમિત્ત છે. એક ગુરુના શિષ્ય છીએ, એક જ્ઞાનીના શિષ્ય છીએ. અને એકબીજા આત્મકલ્યાણની દિશામાં આગળ વધવા માટે એકબીજાની મદદ લઈએ છીએ આપણે. મદદ કરે એને ભાઈ કહેવાય છે. સાહિત્યની ભાષામાં ભાઈનો બીજો અર્થ છે-બાંધવ. ભાઈને શું કહે છે ? બાંધવ

કહે છે. બાંધવ શું કરવા કહે છે ? કે એ મદદ કરે છે. ભાઈ-ભાઈને મદદ કરે છે. એમ અહીંયાં એક ઘરમાં જો તમે મુમુક્ષુ હો તો તમે એકબીજાને તમારા આત્મકલ્યાણમાં મદદ કરનારા છો. એ દૃષ્ટિએ તમે એને જોજો. તો તમારો જે નિર્મળ પ્રેમ છે એની જાત ફરી જાશે આખી. એવી રીતનો પ્રેમ રહેશે.

**'નિરંતરનો સત્સંગ રહ્યા કરે છે એમ જાણી, ભાઈ જેવી બુદ્ધિએ,...'** જુઓ ! અભિપ્રાય કેવો ફેરવ્યો છે ! **'ભાઈ જેવી બુદ્ધિએ, તેવે હેતે વર્તાય...'** તેવા પ્રેમથી વર્તાય **'તે વાત વિશેષ યોગ્ય છે.'** એ વાત તમારા માટે ખૂબ યોગ્ય છે અથવા તમને ખૂબ લાભનું કારણ છે. આ Instant dose આપ્યો છે. તમારી યોગ્યતા જોઈને તમને આ જ દવા કામ લાગે એવી છે. જો દવા તમને અસર કરી જાય તો તમારી આખી ગાડી પાટા ઉપર દોડવા માંડશે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! તો પછી મુમુક્ષુ-મુમુક્ષુમાં વાત્સલ્ય-પ્રેમ ન હોય તો એ મુમુક્ષુ જ નથી. આ પ્રમાણે તો એમ જ થયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે. હા, એ ભૂમિકા બહારનો વિષય થઈ જાય છે. હોવો જ જોઈએ. સારી રીતે હોવો જોઈએ. અને જ્યાં પ્રેમ છે ત્યાં ઈર્ષ્યા નથી. પ્રેમ છે ત્યાં ઇર્ષ્યા નથી. રાજી થાય. જેમ બાપ કરતા બેટો સવાયો થાય તો બાપની છાતી ગજગજ ફૂલે કે વાહ ! મારા કરતાં પણ જબરો નીકળ્યો આ તો. એમ કોઈપણ મુમુક્ષુ આગળ વધે ત્યારે એને ખૂબ પ્રમોદ થાય. પ્રમોદ થાય, એની સેવા કરવાનું મન થાય. એવો પ્રકાર આવવો જોઈએ. તો વાત્સલ્ય છે.

મુમુક્ષુ :– પોતાના છોકરાને સારુ ખવડાવે અને મુમુક્ષુને ન ખવડાવે તે વાત્સલ્ય કયાં ગયું ?

પૂજ્ય ભાઈશ્રી :– એ તો સવાલ જ નથી. એ તો બધા કરે એવું જ કરે છે. એવું તો બીજા લોકો એવું જ કરે છે. મુમુક્ષુમાં અને એમાં ફેર શું પડ્યો ?

**'ભાઈ જેવી બુદ્ધિએ, તેવે હેતે વર્તાય તે વાત વિશેષ યોગ્ય છે. જ્ઞાનીપુરુષ પ્રત્યેનો ભિન્નભાવ સાવ ટાળવા યોગ્ય છે.'** જો થોડોઘણો રહેતો હોય તો સાવ ટાળવા જેવી વાત છે. ધ્યાન દોર્યું છે. વાક્ય ભલે નાનું એવું લખ્યું છે પણ ધ્યાન દોર્યું છે કે આ પ્રકારમાં ક્યારેય પરિણામ ન આવે એ ધ્યાન રાખવા જેવી વાત છે. અને અભિન્નભાવ આવે તો બહુ મોટી વાત છે. કલ્યાણ માટેની બહુ મોટી વાત છે. નિશ્ચય છે એટલે સિદ્ધાંતિક વાત છે.

**'શ્રીમદ્ ભાગવતને બદલે હાલ યોગવાસિષ્ઠાદિ વાંચવા યોગ્ય છે. આ પત્તાનો અર્થ તમને જે સમજાય તે લખજો.'** આ Post card લખ્યું છે એનો અર્થ તમને શું સમજાય છે એ જરાક લખજો. કે તમે આમાં શું સમજ્યા ? એટલે 'કૃપાળુદેવ' ખાલી લખી નાખતા એમ નહિ. કોઈ કોઈવાર તો જવાબ પણ માગતા. કે તમે સમજો છો કેટલું આમાં ? બહુ વિચક્ષણ પુરુષ હતા અને કેટલાક પાત્ર જીવોનું કલ્યાણ થવામાં અથવા એનો અનંત કાળ સુધરવામાં બહુ મોટું કામ એમના નિમિત્તે થયું. એમ કહીએ તો ચાલે કે એક કુશળ વૈદ છે, Expert doctor છે એ ગમે તેવા ભયંકર રોગમાંથી તંદુરસ્તી સુધી દર્દીને લઈ આવે એવું એમનું આત્માનું કલ્યાણ કરતા કરતા એવું એમનું કામ એમણે કર્યું છે. નહિતર તો આમ તો એમને બહુ ઓછો સમય મળ્યો છે. સાડા દસ વર્ષની જ્ઞાનદશા. દસ વર્ષ, પાંચ મહિના અને વીસ દિવસ. એમાં વેપાર-ધંધામાં રોકાવું પડે અને સાથે સાથે મુમુક્ષુઓને Treatment આપી છે. અહીં સુધી રાખીએ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એટલે ભાગવત્‌ની અંદર શું છે, ભક્તિના અમુક પ્રકારો વિશેષપણે લીધા છે 'શ્રીકૃષ્ણ' ભક્તિના. અને 'યોગવાસિષ્ઠ'ની અંદર વૈરાગ્યની અને મુમુક્ષુતાની પણ ઘણી વાતો લીધી છે. એટલે એ તો યોગ્યતા જોઈને દવાનું Prescription ફેરવે છે. એમ. એ એમનો વિષય છે. કેમ કીધું એને ? એ નહિ. સામાની યોગ્યતા જોઈને (કીધું). પણ એ તો વિષય જ એમનો છે આખો.

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

પોતાના કલ્યાણની શરૂઆત યથાર્થપણે - વાસ્તવિકપણે કેવા પ્રકારે હોય તે વિષયમાં સિદ્ધાંત સૂત્ર, અનુભવસિદ્ધ થયેલ - 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' અહીં પૂર્ણતા - પૂર્ણ શુદ્ધ દશારૂપ ધ્યેયના સ્થાને છે. - સાધ્યના સ્થાને છે, આ સૂત્ર એમ નિર્દેશ કરે છે કે જો ધ્યેય પૂર્ણતાનું ન બંધાયુ હોય તો સાધ્યની ભૂલ રહી છે. તેથી તેને શરૂઆત યથાર્થ પ્રકારે થતી નથી. તેથી તે જીવ ધર્મ અંગે જે કાંઈ કરે છે; તે માર્ગની વિધિ માટે શરૂઆતરૂપ પણ નથી. કોઈપણ (ધર્મમાં) પ્રવેશ કરનાર જીવે પોતાના પરિણમનમાં ઉક્ત સૂત્રનું વાચ્યભૂત - તાત્પર્યભૂત સાધ્ય નિશ્ચિત થયું છે કે કેમ ? તે અવશ્ય મેળવણીથી - તપાસીને સમજી લેવું જોઈએ. પ્રાયઃ જીવ પોતાની મતિ કલ્પનાથી ધર્મ - માર્ગમાં પ્રવર્તે છે. પરંતુ શરૂઆત અન્યથા પ્રકારે હોવાથી ધર્મનો પ્રારંભ પણ થતો નથી. પરંતુ અનાદિ ભ્રમ ભાંગવાને બદલે એક વધુ ભ્રમ સેવાય છે. સાધ્યની ભૂલ રહેતાં સાધન મળતું નથી. (૧૩૧)

✲

બુદ્ધિપૂર્વક પદાર્થનું સ્વરૂપ વિપરીત કે અન્યથા નિશ્ચિત કર્યું હોય-તે યથાર્થ વિચારણાથી જેમ છે તેમ દ્રવ્ય, ગુણ, પર્યાયથી અવિપરીતપણે સ્વીકાર થયા વિના, પુરુષાર્થ યોગ્ય દિશામાં શરૂ થઈ શકતો નથી. ઉદાહરણ તરીકે, કોઈ જીવની વસ્તુ સ્વરૂપની સમજણમાં ભૂલ હોય અને અધ્યાત્મના વિષયમાં તે મુખ્યતા કરે તોપણ તેનો પ્રયત્ન સફળ થઈ શકે નહિ, અધ્યાત્મ ભાવો તો સહજ છે. સ્વરૂપની વિપરીત સમજણમાં પ્રયત્ન કૃત્રિમતા ધારણ કરે છે અર્થાત્ અધ્યાત્મનો વિષય પરલક્ષી ક્ષયોપશમમાં બુદ્ધિગોચર થતાં કૃત્રિમ મુખ્યતા થાય છે. - તેમાં પોતે છેતરાઈ જાય છે. પોતાને અધ્યાત્મી માનવાની આ બહુ મોટી ભૂલ થાય છે. (૧૩૨)

✲

શ્રી 'સમયસાર' પરમાગમમાં આચાર્ય ભગવંતોએ અસ્તિ-નાસ્તિથી બન્ને પડખેથી, અદ્‌ભુત શૈલીથી નિરૂપણ કર્યું છે.

અસ્તિથી : દૃષ્ટિનો વિષયભૂત જ્ઞાયક (દ્રવ્ય) સ્વભાવ, દ્રવ્યદૃષ્ટિનું અનુભવપૂર્ણ નિરૂપણ અને સ્વભાવ દૃષ્ટિવંત-સમ્યક્‌દૃષ્ટિના - દૃષ્ટિના પરિણમનની મુખ્યતાવાળા અનેક પડખાને તાત્ત્વિક દૃષ્ટિકોણથી, અદ્‌ભુત શૈલીથી પ્રકાશ્યું છે. આખા સમયસારનું આ હાર્દ છે.

નાસ્તિથી : અનાદિ અજ્ઞાન, મિથ્યાત્વનું સ્વરૂપ, તેનો અભાવ કરવાની વિધિનું અનેક ભેદે નિરૂપણ છે.

આમ અસ્તિ-નાસ્તિથી સૂક્ષ્મ આત્માનું તત્ત્વ અર્થાત્ પ્રાપ્તિની રીત પ્રકાશેલી છે. (૧૩૩)

✲

પુદ્‌ગલ પર્યાય પ્રતિ જીવનો રસ - વિભાવરસ જેટલી માત્રામાં પ્રવર્તે છે, તે પર્યાયને બહિર્મુખ રહેવાનું-થવાનું કારણ છે અને અંતર્મુખનો પુરુષાર્થ થવામાં બાધક અર્થાત્ અવરોધક - પ્રતિબંધક છે. વિભાવરસથી અધિકમાત્રામાં સ્વભાવનો - ચૈતન્યનો રસ થયા વિના પર્યાય અંતર્મુખ થતી નથી. આમ બહારમાં અટકવામાં કષાયરસ - રાગરસ મુખ્ય છે. તેથી પરમાગમમાં તે રસને જ 'બંધ તત્ત્વ' બતાવ્યું છે. ચાલતા પરિણામમાં

તેનું યથાર્થ અવલોકન થવાથી તે રસ મંદ પડે છે. ત્યાં સ્વભાવ રસ ઊપજવાનો અવકાશ થાય છે. (૧૩૪)

❁

શાસ્ત્ર વચન વાચક છે, આત્મ સ્વભાવ વાચ્ય છે. જ્ઞાનમાં વાચ્યની યથાર્થતા જ્ઞાનરસ ઊપજતાં સિદ્ધ થાય છે. વાચ્ય જ્ઞાનમાં આવે છતાં જ્ઞાનરસ - આત્મરસ ન ઊપજે, તો તે પરલક્ષી ઉઘાડરૂપ જ્ઞાન છે, તે કાર્યકારી થતું નથી. ત્યાં પ્રાયઃ અન્યથા કલ્પના થાય છે. યથાર્થતામાં - સ્વલક્ષમાં ચૈતન્ય રસ ઉત્પન્ન થાય જ, કારણ કે ''દ્રવ્યશ્રુતના સમ્યક્ અવગાહનથી શ્રદ્ધાગુણજ્ઞતા પ્રાપ્ત થાય છે, તેથી પરમાર્થ સધાય છે.'' અથવા ''દ્રવ્યશ્રુતનું સમ્યક્ અવગાહન ભાવશ્રુતને સાધે છે'' (અનુભવ પ્રકાશ) ઉપરોક્ત સિદ્ધાંત વચન સ્વ. શ્રી દિપચંદજી કાસલીવાલનું 'અનુભવપ્રકાશ' શાસ્ત્રમાં છે. આ નિમિત્ત-ઉપાદાનની પારમાર્થિક સંધિ છે. (૧૩૫)

❁

જ્ઞાન પર્યાયમાં જ્ઞાનવેદન સદા પ્રગટપણે રહેલું છે. વેદન અપેક્ષાએ જ્ઞાનમાં અન્ય દ્રવ્ય-ભાવનું વેદન થવું અસંભવિત અને અશક્ય છે; તેમ છતાં 'પર પ્રવેશભાવને લીધે' પરભાવ અને પરદ્રવ્યનું વેદન પોતાને થયાનો અધ્યાસને લીધે, આ પ્રગટ વેદન તિરોભૂત થઈ જાય છે અર્થાત્ ''પરજ્ઞેય સાથે જ્ઞાનની એકતાભાવને લીધે'' સ્વયંનું વેદન જ્ઞાનમાં જ્ઞાનને મોજૂદ હોવા છતાં તે અનુભવ પકડી શકાતો નથી અર્થાત્ વેદનનું (ઉપયોગમાં) ગ્રહણ થઈ શકતું નથી. વાસ્તવમાં તો પ્રગટ વેદન જ સ્વસંવેદન-સ્વરૂપ છે - નિજ જ્ઞાનરૂપ છે. પરંતુ તે પરપ્રવેશભાવનો અભાવ થતાં આવિર્ભૂત થાય. તે પરપ્રવેશભાવનો અભાવ એકમાત્ર ભેદજ્ઞાનના અભ્યાસથી થાય છે. ત્યારે (ઉપયોગમાં) નિજ વેદન વેદાવા ઉપરાંત લક્ષ્યભૂત જ્ઞાનરૂપ વસ્તુને અનંત સામર્થ્યરૂપ અને અનંત મહિમાવંત જાણે - સ્વ સ્વરૂપપણે - અભેદ અનુભૂતિ સ્વરૂપે અનુભવે. (૧૩૬)

❁

સદા ઉપયોગધારી, ઉપયોગ સ્વભાવી, આનંદ સ્વરૂપ પોતે સ્વયમેવ - યત્ન વિના જ છે, છે અને છે. પોતાનું કામ પોતાને - સહજ સ્વરૂપને નિહાળવા પૂરતું જ છે, માત્ર આટલું કર્તવ્ય છે; છે તેને નિહાળવું છે. છે તેમાં કાંઈ (નવું) કરવાનું નથી કે કાંઈ બનાવવાનું નથી. પરની અપેક્ષાવૃત્તિને પલટાવી ઉપરોક્ત સ્વપદને ઓળખી, સન્મુખ થઈ અનંત મહિમાધારીને નિજ રસથી નિહાળ !! (૧૩૭)

❁

નિજ અસ્તિત્વનું ગ્રહણ થવા અર્થે, સ્વ. શ્રી દિપચંદજીનું સમ્યક્ વચનામૃત અનુપ્રેક્ષણીય છે. ''મારા દર્શન જ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે.'' અવલોકનથી - પ્રયોગથી આમ દેખવું. માત્ર શબ્દાર્થનો વિચાર કરી, વાચ્યને વિચારની મર્યાદામાં ન રાખતાં, નિજ સત્તાના ગ્રહણનો અભ્યાસ - પ્રયત્ન થવો ઘટે. પરથી વિમુખ થઈને વારંવાર જ્ઞાન-દર્શનમય નિજ પદને અવલોકી સ્વયં સુખી થાય. (૧૩૮)

❁

જેમ ઝેર ખાવાથી (જાણ્યે - અજાણ્યે) મરણ થાય જ, તેમ પરરુચિભાવે પરને સેવવાના પરિણામથી સંસાર દુઃખ થાય જ થાય. તેથી અરસ પરિણામે ઉદયમાં પ્રવૃત્તિ કર્તવ્ય છે. (૧૩૯)

❁



## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી માર્ગદર્શન ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

પ્રશ્ન :- વૃત્તિ ઉઠતી જ રહે છે, તે કેવી રીતે રોકાય ?

ઉત્તર :- એક સમયની વૃત્તિને તેમાં રહેવા દો. 'હું' તો ત્રિકાળી, એક સમયની વૃત્તિમાં જતો જ નથી. ત્રિકાળીમાં અહંપણું થતાં જ વૃત્તિ પણ ખેંચાઈ આવશે. (ખેંચાતી ચાલી આવશે). (૨૫૭)

❊

પર્યાય (ત્રિકાળી) દ્રવ્યથી સર્વથા જ ભિન્ન છે. પ્રમાણમાં અભિન્નતા પણ કહેવામાં આવે છે; પરંતુ પ્રમાણ નિશ્ચયનયને જૂઠો કરીને કહેતું નથી. નિશ્ચયથી તો પર્યાય સર્વથા ભિન્ન છે. પ્રદેશ એક હોવાથી પ્રમાણ તેને અભિન્ન કહે છે; પ્રમાણ અભિન્ન જ કહે છે - તેમ નથી; ભિન્ન-અભિન્ન બન્ને કહે છે. પરંતુ 'એકાંત ભિન્ન છે' એવું જોર દીધા વિના, પર્યાયમાંથી દૃષ્ટિ ઉઠશે નહિ. ''અનેકાન્ત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી'' તે સત્ય છે. (૨૬૫)

❊

પ્રશ્ન :- પરિણામ કઈ રીતે સુધરે ?

ઉત્તર :- નિત્ય અપરિણામી ધ્રુવ ધામમાં દૃષ્ટિને બિરાજમાન કરવાથી પરિણામ સુધરવા લાગશે. (૨૬૭)

❊

આખરે તો એકાંત (એકલા) જ સદા રહેવાનું છે, તો શરૂથી જ (એકાંતનો) અભ્યાસ બે, ચાર, પાંચ કલાક જોઈએ. (૨૬૮)

❊

આ બધી (તત્ત્વની) વાત વિકલ્પાત્મક જાણી લેવાથી શાંતિ માની લેવી નહિ. અભેદ દૃષ્ટિ પ્રગટ કરવી. ૨૭૨.

❊

પોતાના સહજસુખની પિપાસા હોવી જોઈએ; જેટલી તીવ્ર પિપાસા તેટલું કામ જલદી થાય છે. (૨૯૨)

❊

આપણે તો આપણું સમજવું. બીજો કેવી રીતે સમજે છે, કેવી રીતે નહિ, તેનું શું પ્રયોજન ? બીજામાં રોકાશે તો પોતાનો કાળ વ્યર્થ ચાલ્યો જશે. ૩૦૨.

❊

પ્રશ્ન :- સ્વ-પરની પ્રતીતિ કરવાનું તો શાસ્ત્રમાં આવે છે ને ?

ઉત્તર :- અરે, સ્વની પ્રતીતિ કરો ! પરની પ્રતીતિ (પરમાં નહિ, પરંતુ) તેમાં આવી જશે. પોતાની ખુદની પ્રતીતિ કરો. (૩૨૭)

❊

પ્રશ્ન :- પક્ષ અહીં (સ્વરૂપમાં) આવ્યા વિના કઈ રીતે કરે ?

ઉત્તર :- અરે ભાઈ ! વિકલ્પાત્મકભાવમાં (નિર્ણયમાં) તો આ પક્ષ કરો; પછી અહીં (સ્વરૂપમાં) જામી જાઓ. (૩૩૦)

❊




૨૮૨

વવાણિયા, ભાદ્રપદ વદ ૧૪, ગુરુ, ૧૯૪૭

**'અમને સત્સંગની ન્યૂનતાને લીધે કંઈ ગમતું નથી... કોઈથી અર્થસંબંધ અને કામસંબંધ તો ઘણા કાળ થયાં ગમતાં જ નથી. હમણાં ધર્મસંબંધ અને મોક્ષસંબંધ પણ ગમતો નથી. ધર્મસંબંધ અને મોક્ષસંબંધ તો ઘણું કરીને યોગીઓને પણ ગમે છે; અને અમે તો તેથી પણ વિરક્ત રહેવા માગીએ છીએ. હાલતો અમને કંઈ ગમતું નથી, અને જે કંઈ ગમે છે, તેનો અતિશય વિયોગ છે. વધારે શું લખવું ? સહન જ કરવું એ સુગમ છે.'**

આ પત્રમાં કૃપાળુદેવ શ્રી સૌભાગ્યભાઈના સત્સંગની ભાવના વ્યક્ત કરે છે કે સત્સંગની ભાવના વ્યક્ત કરે છે કે સત્સંગની ન્યૂનતાને લીધે કંઈ ગમતું નથી. જગતના સંબંધો (અર્થસંબંધ અને કામસંબંધ) તો ઘણા કાળ થયા ગમતા જ નથી; એટલે કે જ્યારથી તીવ્ર મુમુક્ષુતા ઉત્પન્ન થઈ છે અને તેના ફળસ્વરૂપે જ્ઞાનદશામાં પરિણમન કરી રહ્યા છે–ત્યારથી જગતના કોઈ સંબંધો ગમતા જ નથી. જ્ઞાનદશામાં સ્વરૂપની મસ્તીને લીધે યોગીઓને પ્રિય એવા ધર્મસંબંધ અને મોક્ષસંબંધ અર્થાત્ એ'રૂપ દશાની પણ ઉપેક્ષા રહે છે અર્થાત્ તે વિકલ્પથી પણ વિરક્ત રહેવાનો અભિપ્રાય છે. એક શ્રી સૌભાગ્યભાઈનો સમાગમ જ ગમે છે પરંતુ તેનો વિયોગ છે અને તેમાં નિરુપાયતા છે તેથી પરવશપણે તે સહન કરવા યોગ્ય છે.

વર્તમાન ભૂમિકામાં કૃપાળુદેવ અને શ્રી સૌભાગ્યભાઈ જેવા ઉત્તમ કોટિનાં દશાવાન જીવોને પણ સત્સંગ કેટલો પ્રિય છે અને પરમ હિતકારી છે, તે આ પત્રથી પ્રદર્શિત થાય છે અને કોઈ પણ મુમુક્ષુજીવને સત્સંગમાં રહેવાનું આ પત્ર પ્રબોધે છે.

૨૮૮

વવાણિયા, આસો વદ ૫, ૧૯૪૭

**'નવા જૂનું તો એક આત્મવૃત્તિ સિવાય અમારે ક્યાં છે ? અને તે લખવા જેટલો મનને અવકાશ પણ ક્યાં છે ?'**

એક આત્મવૃત્તિની મુખ્યતા હોવાથી જગતના બનતા બનાવો અપ્રયોજનભૂત લાગવાથી તે વિષે વિચાર કરવા માટે મનને અવકાશ નથી. તેમજ જગતની નવાજૂની સંબંધી કુતૂહલ પ્રાયઃ મનુષ્યને રહે છે; તેવી કુતૂહલવૃત્તિ જ્ઞાનદશામાં પોતાને છૂટી ગઈ છે. કારણ કે જગતના બનતા બનાવોનું કાંઈ મહત્ત્વ રહ્યું નથી. જગત્ પ્રત્યેની વૃત્તિ, જ્ઞાની પુરુષને વિલક્ષણ પ્રકારની હોય છે તેનો સંકેત આ પ્રકારે સંક્ષેપમાં ઉક્ત વચનોમાં રહેલો છે.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઓકટોબર–૨૦૧૩નું) શુલ્ક શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાતા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

*(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા...)*

પ્રશ્ન :– પૂજ્ય ગુરુદેવે એવું વસ્તુનું સ્વરૂપ કહ્યું છે કે વિભાવમાં ઊભા રહેવાનું મન ન થાય અને આ બાજુ ભગવાન આત્મા બિરાજે છે તેનું આકર્ષણ-ખેંચાણ રહ્યા જ કરે. એમાં આપને શું કહેવું છે ?

સમાધાન :– આલોચનાના પાઠમાં આવે છે કે મારા ગુરુએ મારા હૃદયમાં ઉપદેશની એવી જમાવટ કરી છે કે તેની આગળ આ પૃથ્વીનું રાજ્ય તો શું, ત્રણ લોકનું રાજ્ય પણ મને ઇષ્ટ નથી. તેમ આપણા ગુરુદેવે ઉપદેશની એવી જમાવટ કરી છે કે બીજે ક્યાંય રુચિ લાગે નહિ. ગુરુદેવે જે ઉપદેશની જમાવટ વર્ષો સુધી કરી તેને જો પોતે ગ્રહણ કરી હોય તો કોઈ જગ્યાએ ચિત્ત ચોંટે નહિ. ગુરુદેવનો વર્ષો સુધી ઉપદેશ મહાભાગ્ય હોય તો મળે. આવા કાળમાં, આવા ગુરુ મળવા અને વર્ષો સુધી ઉપદેશ મળવો તે મહાભાગ્યની વાત છે. કોઈ ઊંડેથી સમજે કે ન સમજે, પણ વાણીમાં દરેકને અપૂર્વતા લાગતી કે બધાથી કાંઈક જુદું કહી રહ્યા છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૫૦)**

❈

પ્રશ્ન :– વચનામૃતમાં આવે છે કે સ્વભાવની વાત સાંભળતાં હૃદયમાં સોંસરવટ ઘા લાગે, તો એમાં શું કહેવું છે ?

સમાધાન :– આ જુદી જ જાતનું કહે છે. ને હું તો આ વિભાવ સાથે એકત્વ થઈ રહ્યો છું—એમ અંદરથી સ્વરૂપ તરફ જવાનો કોઈ જુદો જ ઘા લાગે અને તે સોંસરવટ લાગી જાય. અત્યાર સુધી આ પરિભ્રમણ કર્યું અને આમાં જ ઊભો છું–એમ ઘા વાગે ને પોતા તરફ જવા માટે પુરુષાર્થ અંદરથી ઊપડી જાય. ગુરુદેવની વાણીનું પ્રબળ નિમિત્ત હતું. વાણી સાંભળતાં અપૂર્વતા લાગે તો ભેદજ્ઞાન થઈ જાય એવો ઘા વાગે, અંદરથી પોતે જુદો પડી જાય. જેનું ઉપાદાન તૈયાર થાય તેને ભેદજ્ઞાન થયા વિના રહે નહિ, તેવું તેમનું નિમિત્ત હતું. **(સ્વાનુભૂતિદર્શન-૩૫૧)**

❈

પ્રશ્ન :– કષાયની મંદતા થાય ત્યાં શાંતિ વેદાઈ જાય છે. તથા પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખ-શાંતિ દેખાય છે. આત્મામાં સુખ છે તે લાગતું નથી. તો આગળ કેવી રીતે જવાય ?

સમાધાન :– સુખ બહારમાં ક્યાંય નથી, પણ એક આત્મામાં છે. એટલી પોતાને અંદરમાં દ્રઢતા અને પ્રતીતિ આવે તો પરિણતિ પોતા તરફ વળે. જ્ઞાયકની મહિમા આવે અને આત્મામાં જ સુખ છે, બીજે ક્યાંય સુખ નથી, એટલું અંદરથી પ્રતીતિનું બળ આવે તો જ પુરુષાર્થ પોતા તરફ વળે છે. અનાદિનો તેને અભ્યાસ છે, તેથી બહારમાં શાંતિ લાગે છે અને ક્યાંક ક્યાંક રોકાઈ જાય છે. કાંઈ ન હોય–વિકલ્પ પણ ન હોય–ને એકલું ચૈતન્યનું અસ્તિત્વ હોય, તે મારે જોઈએ છે, તેમાં જ બધું ભરેલું છે.–તેવી પ્રતીતિનું બળ અંતરમાંથી આવે તો તે આગળ જાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૫૨)**

❈

પ્રશ્ન :– બાહ્ય પ્રવૃત્તિમાં અશુભમાંથી શુભમાં જાય ત્યાં એવો રોકાઈ જાય છે કે આત્માને ગ્રહણ કરવાનું બાજુમાં રહી જાય છે. તે કદાચ પુરુષાર્થ કરે તો બે-ચાર દિવસ ચાલે, પછી છૂટી જાય છે. તો શું કરવું ?

સમાધાન :– અનાદિનો વિભાવનો પ્રવાહ ચાલે છે. એટલે પોતાની તરફ પરિણતિનો પલટો કરવો તે બહુ મુશ્કેલ પડે છે. ને મંદ કષાયમાં એમ ને એમ ચાલ્યો જાય છે. પરિણતિનો પલટો કરવા માટે તીખો પુરુષાર્થ કરે તો થાય. બાકી જેને થાય તેને અંતર્મુહૂર્તમાં થાય, પણ મોટે ભાગે પ્રયત્ન કરી કરીને થાય. વારંવાર પુરુષાર્થ કર્યા કરે, તેને છોડે નહિ, થાક લાગે નહિ, તો તેમાં કોઈ વાર તીખો પુરુષાર્થ થવાનો પ્રસંગ બનતાં પ્રાપ્તિ થાય.

**(સ્વાનુભૂતિદર્શન-૩૫૩)**

❈